GJBK120003342026

સત્યમેવ જયતે

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તા.:- | ૦૫/૦૩/૨૦૨૬ | | | |
| દાખલ તા.:- | ૦૫/૦૩/૨૦૨૬ | | | |
| નિકાલ તા:- | ૦૮/૦૪/૨૦૨૬ | | | |
| અવધિ:- | | વ | મા | દિ |
| | | ૦૦ | ૦૧ | ૦૩ |

**મુખ્ય સિવિલ ન્યાયાધીશ અને ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ કોર્ટ, તાલુકા અમીરગઢ, જિલ્લો બનાસકાંઠા.**

**ક્રિમિનલ કેસ નંબર – ૨૫૯/૨૦૨૬**

**આંક - ૦૬**

**ફરિયાદીઃ-** શ્રી સરકાર

**વિરુદ્ધ**

**આરોપીઃ-** ઈકબાલખાન ઉર્ફે બીલ્લુ જીવાખા સરદારખા બંજારા

રહે. ઈસ્લામનગર, તા. માલપુરા, જી. ટાંક (રાજસ્થાન).

ગુન્હોઃ- **ધી ગુજરાત પ્રાણી સરંક્ષણ અધિનિયમ- ૧૯૫૪ ની કલમ ૫ (૧) અને ૫ (૧-ક) તથા પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ- ૨૦૧૧ ની કલમ- ૬ ક (૧), અને ૬ ક (૩) તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ- ૨૦૧૭ ની કલમ- ૬ ક (૪), અને ૮ (૪), ધી પ્રાણા કુરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ ૧૧ (૧) (ક) (ઘ) (ચ) (જ) (ડ) તથા ધી ગુજરાત એસેન્શીયલ કોમોડીટીઝ એન્ડ કેટલ (કંટ્રોલ) એક્ટ ૨૦૦૫ અન્વયે પ્રસિધ્ધ થયેલ ગુજરાત પ્રાણી (હેરફેર) નિયત્રંણ) ઓર્ડર ૧૯૭૬ ની કલમ નં.- ૨ તથા કલમ ૯ (૧) તથા જી. પી. એક્ટ ૧૧૯ મુજબ.**

ક્રિમિનલ કેસ નંબર:-૨૫૯/૨૦૨૬

## -:: કમિટલ હુકમ ::-

**૧.** આ કામના આરોપી/ઓ વિરૂદ્ધ અમીરગઢ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૯૫૦૦૩૨૧૦૯૩૨/૨૦૨૧, ધી ગુજરાત પ્રાણી સરંક્ષણ અધિનિયમ- ૧૯૫૪ ની કલમ ૫ (૧) અને ૫ (૧-ક) તથા પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ- ૨૦૧૧ ની કલમ- ૬ ક (૧), અને ૬ ક (૩) તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ- ૨૦૧૭ ની કલમ- ૬ ક (૪), અને ૮ (૪), ધી પ્રાણા ક્રુરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ ૧૧ (૧) (ક) (ઘ) (ચ) (જ) (ડ) તથા ધી ગુજરાત એસેન્શીયલ કોમોડીટીઝ એન્ડ કેટલ (કંટ્રોલ) એક્ટ ૨૦૦૫ અન્વયે પ્રસિધ્ધ થયેલ ગુજરાત પ્રાણી (હેરફેર) નિયત્રંણ) ઓર્ડર ૧૯૭૬ ની કલમ નં.- ૨ તથા કલમ ૯ (૧) તથા જી. પી. એક્ટ ૧૧૯ મુજબના ગુના અન્વયેનું પુરવણી ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ તા. ૦૫/૦૩/૨૦૨૬ ના રોજ રજુ કરવામાં આવેલ છે. વધુમાં, આ ગુનાના કામે મુખ્ય આરોપીઓ વિરુદ્ધ સી. સી. નં. ૩૦૪/૨૦૨૨ થી ચાર્જશીટ થયેલ છે. જે કેસ નામદાર સેશન્સ કોર્ટમાં કમીટ કરવામાં આવેલ છે.

**૨.** આરોપી આજ રોજ અત્રેની કોર્ટ રુબરુ હાજર છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલાની ખાતરી કરી આંક-૦૪ થી આરોપીએ ચાર્જશીટ અને તે લગતના તમામ દસ્તાવેજો મળી ગયેલાની પુરસીસ રજુ કરેલ છે. આરોપી નામદાર સેશન્સ કોર્ટ, પાલનપુરમાં તેમના સ્વ બચાવ માટે સ્વ ખર્ચે વકીલ રોકવા માંગે છે, જે બાબતની આંક-૦૩ થી પુરસિસ રજુ કરેલ છે.

**૩.** આરોપી/ઓ વિરુદ્ધના ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા નામદાર સેશન્સ કોર્ટ, પાલનપુર નાઓને હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૩૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**(૧)** આ કામે આરોપી/ઓ સામેનો હાલનો કેસ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૩૨ અન્વયે નામદાર સેશન્સ કોર્ટ, પાલનપુર નાઓને કમિટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામનું અસલ રેકર્ડ, મુદ્દામાલ, મુદ્દામાલ લિસ્ટ તથા સાહેદ લિસ્ટ તૈયાર કરી તાત્કાલિક નામદાર સેશન્સ કોર્ટ, પાલનપુર નાઓ તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કેસ કમિટ કર્યા અંગેની જાણ પબ્લિક પ્રોસીક્યુટરશ્રી, પાલનપુર નાઓને કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(ભૂપેન્દ્ર સિંહ ગહલોત)**

મુખ્ય સિવિલ ન્યાયાધીશ અને

તા.૦૮/૦૪/૨૦૨૬ ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ - અમીરગઢ

સ્થળ:-અમીરગઢ (GJ01604)